# હાર્દિક - લાલજી પટેલને જેલ ધકેલવા ગોઠવાતો તખ્તો

## મહેસાણા સૅશન કૉર્ટ દ્વારા ત્રણ મુદતથી ગેરહાજર રહેનાર બંનેને બિનશરતી ધરપકડ વૉરંટ જારી કરાયું



ઉત્તર ગુજરાતના વિસનગરમાં હાર્દિક પટેલ અને લાલજી પટેલ સામે નોંધાયેલા ગુનામાં બીનજામીન લાયક વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યુ છે, આ વોરંટના આધારે પોલીસ તેમની ગમે ત્યારે ધરપકડ કરી શકે છે.એક તરફ ભાજપ સરકાર દાવો કરી રહી છે પાટીદારો સામે નોંધાયેલા તમામ પોલીસ કેસ પાછા ખેંચી લેવામાં આવ્યા છે, પણ ભાજપના દાવા ખોખલા સાબીત થઈ રહ્યા છે. જો રાજ્ય સરકાર દ્વારા પોલીસ કેસા પાછા ખેંચી લેવામાં આવ્યા હોત તો તે અંગે નિયમ પ્રમાણે કોર્ટને પણ જાણ કરી દેવામાં આવી હોત, પણ તેવું થયું નથી. જેના કારણે વિસનગરમાં તોડફોડના કેસમાં છેલ્લી ત્રણ મુદતથી ગેરહાજર રહેનાર હાર્દિક અને લાલજી સામે વૉરંટ ઈસ્યુ કરવામાં આવ્યું છે. એક તરફ પાસના નેતાઓને ભાજપમાં સામેલ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યા પણ મહેસાણાના નરેન્દ્ર પટેલે ભાજપે એક કરોડમાં સોદો કર્યો હોવાની જાહેરાંત કરી વાત બગડી




હતી, ત્યારબાદ હાર્દિક અને રાહુલ ગાંધી વચ્ચે થયેલી મુલાકાત બાદ દબાણમાં આવી ગયેલી સરકારે હાર્દિકને ફરી જેલમાં મોકલી આપવાનો તખ્તો ઘડયો છે.

મહેસાણાના વિસનગરમાં બે વર્ષ પહેલાં હાર્દિક પટેલ સહિત લાલજી પટેલ અને સ્થાનિક આગેવાનોએ ભેગા મળીને તાલુકા કક્ષાની રેલી વિસનગરમાં કાઢી હતી અને તે રેલી બાદ સ્થાનિક ધારાસભ્ય ઋષિભાઈ પટેલના કાર્યાલય પર આવેદનપત્ર આપવાનું નક્કી કર્યું હતું. સ્થાનિક ધારાસભ્ય હાજર ન રહેતાં લાલજી પટેલ અને હાર્દિક પટેલના સમર્થકો દ્વારા ધારાસભ્યની ઓફિસમાં તોડફોડ કરાઈ હતી અને આગચંપી પણ કરવામાં આવી હતી. સ્થાનિક ચેનલના પત્રકાર દ્વારા આ સમગ્ર મામલે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. લાલજી પટેલ



અને હાર્દિક પટેલ સહિત ૭ વ્યક્તિઓ અને બે હજારના ટોળા સામે ફરિયાદ કરવામાં આવી હતી, જે કેસ હાલ મહેસાણા સૅશન કૉર્ટમાં ચાલી રહ્યો છે. હાર્દિક પટેલ ૩ મુદત બાદ પણ કૉર્ટમાં હાજર રહ્યો ન હતો જેથી વિસનગર કૉર્ટ દ્વારા બિનશરતી જામીન વૉરંટ કાઢવામાં આવ્યા હતા.

## 'રાહુલ સાથેની ભેદી મુલાકાત અંગે હાર્દિક આપે જવાબ : નીતિન પટેલ



ગાંધીનગર, તા.૨૫

પાટીદાર નેતા હાર્દિક પટેલે સોમવારે કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે અમદાવાદની હોટલમાં મુલાકાત કરી હતી કે નહીં? આ પ્રશ્ન છેલ્લા ૨ દવિસથી સતત ચર્ચાઈ રહ્યો છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ મુદ્દે હાર્દિક પટેલનું સ્પષ્ટીકરણ માંગ્યુ છે. ઉલ્લેખનીય છે કે, સોમવારે સાંજે સીસીટીવી ફૂટેજ બહાર આવ્યા બાદ, બુધવારે અન્ય સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા. જેમાં હાર્દિક પટેલ તાજ ઉમ્મેદ હોટલના રૂમ નંબર ૨૨૪માં બહાર નીકળતા જોવા મળે છે અને થોડા સમય બાદ રાહુલ ગાંધી પણ એ જ રૂમમાંથી બહાર નીકળતા જોવા મળે છે. આથી નીતિન પટેલે માંગણી કરી છે કે, તેઓ બને તો તુરંત ડીજિટલ મીડિયાને માધ્યમથી લોકોને જવાબ આપે કે તેમણે રાહુલ ગાંધી સાથે મુલાકાત શા માટે કરી હતી અને તેને ગુપ્ત કેમ રાખી?

નીતિન પટેલે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, 'કોંગ્રેસ અને હાર્દિક પટેલ દ્વારા આ મુલાકાતને છુપાવવાનો પ્રયત્ન થયો છે. નવા સીસીટીવી ફૂટેજ સામે આવ્યા પછી હવે હાર્દિકનો ભાંડો ફૂટી ગયો છે. હાર્દિક પટેલ રૂમ નંબર ૨૨૪માં ગયા હતા, ત્યાં તેમણે ૧ કલાક રાહુલ ગાંધીની રાહ જોઇ ત્યાર બાદ બંને વચ્ચે ૫૫ મિનિટ લાંબી મીટિંગ થઈ હતી. હાર્દિક જણાવે કે તેણે કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે ભેદી મુલાકાત કેમ કરી અને જો આ મુલાકાત ભેદી નહોતી તો તેને છુપાવવાનો પ્રયત્ન કેમ કર્યો? હું પણ પાટીદાર સમાજનો સભ્ય છું અને હાર્દિકને પૂછવા માંગુ છું કે તેણે આ મુલાકાત સમાજથી કેમ છુપાવી? કોંગ્રેસે એવું તો શું આપ્યું છે કે ગુપ્ત રાખવું પડે?

કોંગ્રેસ પર પ્રહાર કરતાં નીતિન પટેલે કહ્યું કે, મીડિયા અને સોશિયલ મીડિયામાં સીસીટીવી ફૂટેજ બહાર આવતાં કોંગ્રેસનો પણ ભાંડો ફૂટી ગયો છે. પહેલા હાર્દિક પટેલની જેમ જ કોંગ્રેસે પણ મુલાકાત થઈ હોવાની વાતને રદિયો આપ્યો હતો. પછીથી અશોક ગેહલોતે સ્વીકાર્યું કે, હાર્દિક સાથે મુલાકાત થઈ હતી અને હાર્દિકે પણ સ્વીકાર્યું. હાર્દિકે હજુ પણ મુલાકાત નથી થઈ એ જ રટણ પકડી રાખ્યું છે અને તેણે લોકોને તથા પાટીદાર સમાનજને અંધારામાં રાખવાનો પ્રયત્ન કર્યો છે.

નીતિન પટેલે આગળ જણાવ્યું કે, 'સરકારે પાટીદારોની માંગણીઓ પૂરી કરવાના બનતા પ્રયત્નો કર્યા છે. એ સૌને તેમણે લોલિપોપ ગણાવ્યા છે. અહીં આવી સરકાર સાથે બેઠક પણ કરી છે. પરંતુ કોંગ્રેસે હજુ સુધી કશું નથી કર્યુ. કોંગ્રેસે પાટીદાર સમાજ માટે શું કર્યુ કે શું કરશે એ અંગે હાર્દિક જવાબ આપે. રાહુલ ગાંધી સાથેની બેઠકમાં હાર્દિકે તેમની સાથે સમાજના હિતની શું વાતો કરી, શું સોદા કર્યા એ જણાવે અને તુરંત જણાવે. બને તો ડીજિટલ મીડિયાના માધ્યમ દ્વારા આ સવાલોના તુરંત જવાબ આપે.

## ગુજરાતમાં ચોર અને મહાચોરની હુંસાતુંસી ચાલી રહી છે : શંકરસિંહ



અમદાવાદ, તા.૨૫

જનવિકલ્પ મોરચાના પ્રણેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ આજે પત્રકાર પરિષદમાં જાહેરાત કરી હતી કે જન વિકલ્પ પાર્ટીને ચુંટણી પ્રતિક મળવામાં વિલંબ થાય તેમ હોવાથી અમારા ઉમેદવારો ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટી નાં સત્તાવાર પ્રતિક ટ્રેક્ટર પર ચુંટણી લડશે. મૂળ રાજસ્થાન જયપુરની આ પાર્ટીના મહામંત્રી અનીલ શર્માએ પણ જનવિકલ્પ પાર્ટીના ઘટક તરીકે જોડાવાની જાહેરાત કરી હતી. શંકરસિંહ બાપુએ પત્રકાર પરિષદમાં કેટલીક જાહેરાતો કરી હતી જેમાં વિધવા પેન્શન દીઠ ૫ હજાર આપવા, ગામના સરપંચને હાથખર્ચી પેટે રૂ. ૫૦૦૦ આપવા અને રહેમ રાહે નોકરીની પ્રથા ફરીથી શરૂ કરવાની સાથે વિદ્યાર્થીઓ ની પરીક્ષા ફી સરકાર આપશે તવી જાહેરાત પણ કરી હતી. વિવિધ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષામાં માત્ર ૧૦૦ રૂ. ટોકન ફી લેવાશે. તેમને બીન અનામતને ૨૫ ટકા અનામત આપવાની જાહેરાતની સાથે ઓ.બી.સી.ના ૨૭ ટકા અનામત માંથી ૧૦ ટકા અનામત અતિપછાત એવા કોળી ઠાકોર, દેવી પૂજક વગેરે સમાજને આપવામાં આવશે.

તેમને એમ પણ કહ્યું કે કોળી ઠાકોર પછાત વર્ગ બોર્ડ ને નિગમ બનાવી દર વર્ષે ૧ હજાર કરોડની સહાય આપશે, ઘરનું ઘર યોજના હેઠળ ગામડામાં શૂન્ય વ્યાજની રૂ. ૧૦ લાખની અને શહેરમાં ૧૫ લાખની શૂન્ય વ્યાજની લોન અપાશે. જનવિકલ્પની સરકાર રચાયા બાદ જી.એસ.ટી.નો અમલ એક વર્ષ મોકૂફ રાખવાની રજૂઆત કેન્દ્ર સરકાર ને કરવામાં આવશે. તેમેને કેન્દ્રીય ચુંટણી પંચને ઉદ્દેશીને એમ પણ કહ્યું કે ગુજરાત સરકારે કપાસ અને મગફળીની ખરીદી કરવાની જાહેરાત અગાઉથી જ કરી દીધી હોવાથી આચારસંહિતાના નામે આ ખરીદી રોકવામાં ન આવે તેવી અમારી લાગણી છે. જેથી ભાજપ સરકારને આચારસંહિતાનું બહાનું ન મળે તેમણે એમ પણ કહ્યું કે આમ આદમી પાર્ટીના સારા અને જીતી શકાય તેવા ઉમેદવારોને અમારી પાર્ટી ટેકો આપશે. જોકે એનસીપી સાથે ગઠબંધન કરવાની કોઈ સંભાવના નથી. અમારી પાર્ટીની નાના માણસો માટેની મોટી લડાઈ છે. અમારી લડાઈ કોઈ અદાણી, અંબાણી માટેની નથી. ભાજપ અને કોંગ્રેસમાં ચાલી રહેલી ગતિવિધિ અંગે તેમને કહ્યું કે એક ચોર અને એક મહાચોરની હુંસાતુંસી ચાલી રહી છે. બંને પક્ષોમાં ખરીદ વેચાણ સંઘના તમાસા ચાલી રહ્યા છે ત્યારે ગુજરાતના મતદારો મેરીટ ના આધારે ઉમેદવારો પસંદ કરવા વિનંતી છે.

પત્રકાર પરિષદમાં ઉપસ્થિત ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના મહામંત્રી અનીલ શર્માએ પ્રતિકાત્મક રીતે ટ્રેક્ટરનો સિમ્બોલ શંકરસિંહ વાઘેલાને સુપ્રત કર્યો હતો.

## ૮૭ શહેરી બેઠકો જીતવા માટે કોંગ્રેસે એક્શન પ્લાન તૈયાર કર્યો



ન્યુ દિલ્હી, તા.૨૫

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનો જંગ બરાબર જામવાનો છે. મુખ્ય હરિફ પક્ષો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય ટક્કર છે ત્યારે ગુજરાતમાં કોંગ્રેસ આ વખતે વધુ જોર કરવા માગે છે અને ખાસ કરીને જ્યાં કોંગ્રેસની હાલત નબળી છે તેવી શહેરી બેઠકો પર વધુ ફોકસ કરવાનો નિર્ણય લેવાયો છે અને તેના માટે અલગથી વ્યૂહરચના ઘડાઈ રહી છે.

કોંગ્રેસના વર્તુળોએ જણાવ્યું છે કે ગુજરાતની ૬૭ જેટલી અર્બન બેઠકો અને ૨૦ જેટલી સેમી અર્બન બેઠકો પર કોંગ્રેસનો દેખાવ નબળો રહ્યો છે અને ત્યાં કોંગ્રેસ વધુ ધ્યાન આપવા માગે છે અને તેના માટે એક્શન પ્લાન ઘડવામાં આવ્યો છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ અને યુવાનોને આકર્ષવા માટે કોંગ્રેસ ખાસ વ્યૂહરચના બનાવે છે.

રાહલ ગાંધી અને અન્ય કોંગ્રેસી નેતાઓ યુવા અને વિદ્યાર્થી મતદારોને આકર્ષવા માટે ૧૦૦ જેટલી વૉર્ડલેવલ મિટિંગો કરશે અને આ તમામ શહેરી બેઠકોમાં માઈક્રો મેનેજમેન્ટ સાથે બુથની જાળવણી થશે. અત્યારે કોંગ્રેસ પાસે ૪૬ શહેરી બેઠકો પૈકીની માત્ર ૪ બેઠકો છે. જ્યારે ભાજપ પાસે ૪૨ શહેરી બેઠકો છે જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, ગાંધીનગર, વડોદરા અને ભાવનગરનો સમાવેશ થાય છે. ૨૦૧૨માં સુરતમાં ૧૬ શહેરી બેઠકોમાંથી ભાજપે ૧૫ મળી હતી. અમદાવાદમાં ૧૭ શહેરી બેઠકોમાંથી ભાજપ્રે ૧૫ મળી હતી. જ્યારે રાજકોટની ચાર શહેરી બેઠકોમાંથી તેને ૩ બેઠકો મળી હતી. જ્યારે ભાવનગરમાં બન્ને બેઠકો તેના હાથમાં આવી હતી.

કોંગ્રેસના એક નેતાએ એવી માહિતી આપી છે કે અમે આ માટે કેમ્પેઈનનું મટીરીયલ તૈયાર કર્યું છે જે કોલેજોમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં આપવામાં આવશે અને વિદ્યાર્થીઓ તથા યુવાનોને માહિતગાર કરવામાં આવશે. તાજેતરમાં જ યોજાયેલી ૫૬ જેટલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપ્રા હાથમાં ૪૦ સંસ્થાઓ આવી હતી માટે હવે કોંગ્રેસ યુવા મતદારો તરફ વધુ ધ્યાન આપશે અને તેના માટે મટિરીયલ તૈયાર છે.

# ગુજરાતનું 'સિંહાસન' કોને ? : ભાજપના બે અને કોંગ્રેસના બે ચહેરા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને બહુમતિ મળશે તો મુખ્યમંત્રી કોણ બનશે અને કોંગ્રેસ આવે તો કોને સિંહાસન



મળશે તેની અટકળો સચિવાલયમાં તેજ બની છે ગુજરાતમાં રાજકીય માહોલ ગરમાયો છે. સચિવાલયમાં એટલી ભીડ એકત્ર થાય છે કે જે અગાઉના બે વર્ષમાં જોવા મળી નથી. ચૂંટણી પહેલાના દિવસોમાં કામ કરાવવા માટે મુલાકાતીઓ તેમજ નેતાઓનો એટલો બધો ધસારો વધી ગયો છે કે વાહનોથી પાર્કિંગ હાઉસફુલ બન્યા છે તેથી સચિવાલયના ઈન્ટરનલ માર્ગોની સાઈડે વાહનો પાર્ક કરવા પડી રહ્યાં છે. સચિવાલયમાં સેક્રેટરી કક્ષાએ તો ઠીક પરંતુ વિભાગના કર્મચારીઓમાં એક જ પ્રશ્ન છે કે આગામી સરકાર કોની હશે અને કોણ મુખ્યમંત્રી બનશે?.. પ્રશ્ન પણ પૂછાય છે અને જવાબ પણ અપાય છે. ચાની કિટલી પર કે કેન્ટીનમાં આ એક જ પ્રશ્ન ઘૂમરાયા કરે છે. ૨૦૧૭માં જો ભાજપની સરકાર બનશે તો મુખ્યમંત્રી તરીકે હોટ ફેવરિટ અને પ્રથમ નામ વિજય રૂપાણીનું આવે છે. ભાજપ જો ૧૫૦ બેઠકો મેળવશે તો તેઓ મુખ્યમંત્રી રહેશે પરંતુ તેમની સત્તામાં કાપ આવી શકે છે, કારણ કે પાર્ટી ઉત્તરપ્રદેશની જેમ ડેપ્યુટી ચીફ મિનિસ્ટરની ફોર્મ્યુલા પર કામ કરી રહી છે. જ્ઞાતિ અને કોમના નામે ચૂંટણી જીતાતી નથી તેવું ભાજપ અને તેના રાષ્ટ્રીય નેતાઓ વારંવાર કહે છે પરંતુ જ્ઞાતિવાર સમિકરણોથી જ ચૂંટણી જીતાય છે અને કેબિનેટ બનતી હોય છે. ગુજરાતમાં વર્ષોથી ચાલતી આવતી આ પ્રણાલિકા છે. જો વિજય રૂપાણી મુખ્યમંત્રી બને તો ડેપ્યુટી ચીફ મિનિસ્ટર કોણ હશે તેનો જવાબ પણ સચિવાલયમાં કર્મચારીઓ પાસે છે. જો કે નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બન્યા પછી તેમના અનુગામીની અટકળોમાં સૌથી વધુ તેજ અટકળો અમિત




શાહની હતી પરંતુ કર્મચારીઓ તેમાં ખોટા પડ્યા છે.

નાયબ મુખ્યમંત્રી પદ માટે એવી અટકળો વહેતી થઈ છે કે આ પોસ્ટ માટે ભાજપમાં ત્રણ ચહેરા છે જેમાં હાલના આરોગ્ય રાજ્યમંત્રી શંકર ચૌધરી ટોચક્રમે છે. બીજું નામ પાર્ટીના હાલના પ્રેસિડેન્ટ જીતુ વાઘાણીનું આવે છે જ્યારે ત્રીજાક્રમે જૂનિયર હોમ મિનિસ્ટર પ્રદિપસિંહ જાડેજાનું આવે છે. જો કે સચિવાલયના સિનિયર ઓફિસરો સંઘ અને ભાજપના રાષ્ટ્રીય નેતા સંજય જોષીનું નામ પણ વહેતું કરી રહ્યાં છે. વિધાનસભાની ચૂંટણીમાં જો સંજય જોષીને બોલાવવામાં આવશે તો તેઓ મુખ્યમંત્રી પદના પ્રબળ દાવેદાર હોઈ શકે છે.

બીજી તરફ કોંગ્રેસ બહુમતિ મેળવશે તો મુખ્યમંત્રીના પહેલા દાવેદાર અબડાસાના ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલ આવે છે. રાજ્યસભાની ચૂંટણીમાં તેમની દૂરંદેશીના કારણે અહમદ પટેલ હારતાં હારતાં બચી ગયા છે. ગુજરાત કોંગ્રેસ માટે શક્તિસિંહ ગોહિલ હિરો બન્યા છે. જો કે તેમની જ્ઞાતિ આડી આવે છે. બીજા ક્રમે પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના પુત્ર અને કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી આવે છે. જ્ઞાતિવાર સમીકરણ તેમને લાગુ પડે છે. ત્રીજા અને છેલ્લા ક્રમે પરેશ ધાનાની આવે છે. તેમનું જમાપાસું પટેલ છે.

વિઠ્ઠલ રાદડિયા અને નરહરિ અમીનના ભાજપ પ્રવેશ પછી કોંગ્રેસ પાસે આકર્ષક પટેલ ચહેરો નથી તેથી પરેશ ધાનાનીનો ક્રમ આગળ પડતો છે. અહીં સિદ્ધાર્થ ચીમનભાઈ પટેલનો ભાવ પૂછાતો નથી. શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસ છોડ્યા પછી તેઓ કોંગ્રેસને ખતમ કરવાના મૂડમાં છે. કોંગ્રેસના સભ્યો તોડીને ભાજપમાં લઈ જવામાં શંકરસિંહ મેદાને પડ્યા હતા પરંતુ તેમની દાળ ગળી નહીં, માત્ર એક ડઝન ધારાસભ્યોને ખેરવી શક્યા છે. તેમનો ખેલ ઊંધો પડી ચૂક્યો છે. બાપુએ ચૂંટણીમાં ઉમેદવારો ઊભા રાખવાનો નિર્ણય લઈને કોંગ્રેસને હરાવવાનો પડકાર લીધો છે.

કોંગ્રેસ એવું માને છે કે શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાંથી વિદાય પછી હાલની કોંગ્રેસ શુદ્ધ અને પરિપક્વ છે, જો કે ઉમેદવારોની પસંદગી કેવી રીતે થાય તે તેના પર વિજય અને બહુમતિનો આધાર છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહની સીધી દરમ્યાનગીરી વિનાની આ પહેલી ચૂંટણી છે તેથી કોંગ્રેસને અગાઉની છે, તો તેમની પ્રત્યક્ષ ગેરહાજરીમાં કોંગ્રેસ કેટલો દમ મારે છે તે હાલ કળી શકાતું નથી. જો કે



ચૂંટણી કરતા આ વખતે રાહત છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં છેલ્લી ત્રણ ટર્મમાં નરેન્દ્ર મોદીનો કરિશ્મા છવાયેલો હતો તો પણ કોંગ્રેસને ૬૦ જેટલી બેઠકો મળેલી છે, તો તેમની પ્રત્યક્ષ ગેરહાજરીમાં... સચિવાલયના કર્મચારીઓ અને અધિકારીઓના મતે ભાજપ માટે ૧૫૦ બેઠકોનો ટારગેટ હાલની સ્થિતિએ અયોગ્ય અને પૂર્ણ થાય તેવો નથી.